પડતરનું પત્રક નમૂનો :

| વિગતો | કુલ | એકમદીઠ |
|---|---|---|
| માલસામાનનો વપરાશ | | |
| કાચા માલનો શરૂનો સ્ટોક | XXX | |
| + કાચા માલની ખરીદી | XXX | |
| | XXX | |
| - કાચા માલનો આખરનો સ્ટોક | (XXX) | |
| માલસામાનનો વપરાશ | XXX | XXX |
| +પ્રત્યક્ષ મજૂરી | XXX | XXX |
| +પ્રત્યક્ષ ખર્ચા | XXX | XXX |
| પ્રાથમિક પડતર | XXX | XXX |
| + કારખાનાં પરોક્ષ ખર્ચ | XXX | XXX |
| | XXX | XXX |
| + ચાલુ કામનો શરૂનો સ્ટોક | XXX | XXX |
| | XXX | XXX |
| - ચાલુ કામનો આખરનો સ્ટોક | (XXX) | (XXX) |
| કારખાનાં પડતર | XXX | XXX |
| + વહીવટી પરોક્ષ ખર્ચ | XXX | XXX |
| ઉત્પાદન પડતર | XXX | XXX |
| + તૈયાર માલનો શરૂનો સ્ટોક | XXX | |
| | XXX | |
| - તૈયાર માલનો આખરનો સ્ટોક | (XXX) | |
| વેચેલ માલની ઉત્પાદન પડતર | XXX | XXX |
| + વેચાણ અને વિતરણ પરોક્ષ ખર્ચ | XXX | XXX |
| વેચાણ પડતર / કુલ પડતર | XXX | XXX |
| + નફો | XXX | XXX |
| વેચાણ | XXX | XXX |

1. L એન્ડ T કંપની લિ. નો પડતર વિભાગ નીચેની માહિતી આપે છે. પડતરનું પત્રક તૈયાર કરો:

| વિગત | રૂ |
|---|---|
| માલસામાન ખાર્ચ | 24,000 |
| સીધી મજૂરી | 16,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા મજૂરીના 50% છે. | |
| નહીં વેચાયેલ માલસામાન કારખાના પડતરના 10% છે. | |
| વેચાણ – વિતરણના પરોક્ષ ખર્ચા, મજૂરી ખર્ચ જેટલા જ છે. | |
| વેચાણ કિંમત | 80,000 |
| નફો વેચાણ કિંમતના 10% છે. | |
| ઓફિસના પરોક્ષ ખર્ચા વેચાણ કિંમતના 16% છે. | |

2. 2000 એકમોના ઉત્પાદનનો કુલ કારખાના ખર્ચ રૂ 1,00,000 છે, જેમાં 40% ચલિત છે. તો 5000 એકમોના ઉત્પાદને કેટલો કારખાના ખર્ચ થાય? *[V.N.S.G.U. Nov 2014]*

3. પ્રત્યક્ષ માલસામાન રૂ 2,00,000 (જે પ્રત્યક્ષ મજૂરીના 50% છે).
કારખાના પરોક્ષ ખર્ચ પ્રાથમિક પડતરના 40%.
ઓફિસ ખર્ચ કારખાના પડતરના 20%.
નફાનો દર વેચાણ કિંમત પર 20% છે.
વેચાણ કિંમત શોધો : *[V.N.S.G.U. Nov 2016]*

4. કારખાનાની નોંધમાંથી એક વસ્તુ સંબંધી મેળવવામાં આવેલી નીચેની માહિતી પરથી પડતરનું પત્રક તૈયાર કરો.

| | |
|---|---|
| કાચા માલની ખરીદી | રૂ 1,15,000 |
| આવક માલનું ગાડાભાડું | રૂ 4000 |
| સીધી મજૂરી | રૂ 96,000 |
| યાંત્રિક કામના કલાક | 10,000 કલાક |
| યાંત્રિક કલાક દર | કલાકદીઠ રૂ 4 |
| શરૂઆતનો કાચા માલનો સ્ટોક | રૂ 25,000 |
| શરૂઆતનો તૈયાર માલ સ્ટોક (4000 એકમો) | રૂ 40,000 |
| આખરનો કાચા માલનો સ્ટોક | રૂ 20,000 |
| આખરનો તૈયાર માલ સ્ટોક | 5000 એકમો |
| શરૂઆતનો અર્ધ તૈયાર માલ | રૂ 5000 |
| આખરનો અર્ધ તૈયાર માલ | રૂ 15,000 |
| ઓફિસ પરોક્ષ ખર્ચા | કારખાનાની પડતરના 4% |

| | |
|---|---|
| વેચાણ અને વિતરણના ખર્ચા | એકમદીઠ રૂ 1 |
| વેચાણ | 3,00,000 |
| વર્ષ દરમિયાન ઉત્પાદન | 26,000 એકમો |

5. એક કંપનીએ 2015-16ના વર્ષમાં 10,000 ટી.વી. સેટનું ઉત્પાદન અને વેચાણ કર્યું. 2015 – 16ના વર્ષ માટેનું કંપનીનું વેપાર ખાતું તથા નફાનુકસાન ખાતું નીચે મુજબ છે.

| વિગત | રૂ | વિગત | રૂ |
|---|---|---|---|
| માલસામાન | 6,40,000 | વેચાણ | 32,00,000 |
| મજૂરી | 9,60,000 | | |
| ઉત્પાદન ખર્ચ | 4,00,000 | | |
| કાચો નફો | 12,00,000 | | |
| | 32,00,000 | | 32,00,000 |
| ભાડું અને કરવેરા | 80,000 | | |
| વેચાણ ખર્ચા | 2,40,000 | | |
| સામાન્ય ખર્ચા | 1,60,000 | | |
| વહીવટી સ્ટાફનો પગાર | 4,80,000 | | |
| ચોખ્ખો નફો | 2,40,000 | | |
| | 12,00,000 | | 12,00,000 |

વર્ષ 2016-17 માટેનો અંદાજ નીચે મુજબ છે :

(1) માલસામાનની કિંમત 25% લેખે ઘટશે .

(2) મજૂરી દરમાં 10% ઘટાડો થશે.

(3) ઉત્પાદન ખર્ચ, પ્રાથમિક પડતરના 20% થશે.

(4) વેચાણ ખર્ચમાં એકમદીઠ 25% વધારો થશે.

(5) અન્ય ખર્ચા પર ઉત્પાદનના વધારાની કોઈ અસર થશે નહીં .

(6) ઉત્પાદન આને વેચાણ 20,000 નંગનું થશે.

જો કંપની કુલ પડતર પર 25% નફો લેવા માંગતી હોય તો 2016 – 17માં ઉત્પાદન કરેલ ટી.વી.સેટ બજારમાં કઈ કિંમતે વેચવા તે દર્શાવતું પત્રક તૈયાર કરો . *[V.N.S.G.U. Nov 2016]*

6. એક કારખાનાની વર્ષ 2019ની માહિતી નીચે મુજબ મેળવવામાં આવી છે.

| વિગત | ₹ |
|---|---|
| માલસામાનની પડતર | 60,000 |
| મજૂરી | 50,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા | 30,000 |
| વહીવટી ખર્ચા | 33,600 |
| વેચાણ ખર્ચા | 22,400 |
| વિતરણ ખર્ચા | 14,000 |
| નફો | 42,000 |

વર્ષ 2020માં એક ઓર્ડર મળવાપાત્ર છે. આ ઓર્ડરનો માલસામાન અને મજૂરીનો અંદાજિત ખર્ચ અનુક્રમે ₹ 8000 અને ₹ 5000 છે. ધારો કે વર્ષ 2020માં :

(1) કારખાના પરોક્ષ ખર્ચના દરમાં 20%નો વધારો થયો.

(2) વિતરણ ખર્ચામાં 10%નો ઘટાડો થયો.

(3) વેચાણ અને વહીવટી ખર્ચામાં 12.5% લેખે વધારો થયો.

જો વર્ષ 2019માં વેચાણ કિંમત પર મેળવેલ નફાનો દર જાળવી રાખવો હોય તો કેટલી કિંમતે વર્ષ 2020માં વસ્તુનું વેચાણ કરવું જોઈએ ?

તૈયાર કરો :

1. વર્ષ 2019નું પડતરનું પત્રક

2. વર્ષ 2020નું ટેન્ડર પત્રક .

7. જગત રામ લિ.ની ઉત્પાદન શક્તિ 10,000 એકમો સુધીની છે. વર્ષ 2012માં ફક્ત 40% ઉત્પાદન શક્તિએ ઉત્પાદન અને વેચાણ થયું છે. વિગતો નીચે પ્રમાણે છે:

| વિગત | ₹ |
|---|---|
| સીધી માલસામગ્રીનો વપરાશ | 6,00,000 |
| સીધી મજૂરી | 4,00,000 |

| | |
|---|---|
| કારખાના પરોક્ષ ખર્ચા (40% ચલિત ) | 2,00,000 |
| ઓફિસના પરોક્ષ ખર્ચા (સ્થિર ) | 1,60,000 |
| વેચાણ અને વિતરણ ખર્ચા | 2,40,000 |
| કુલ વેચાણ | 20,00,000 |

વર્ષ 2013 માટેના અંદાજ :

(1) ઉત્પાદન અને વેચાણ પૂરેપૂરી ઉત્પાદન ક્ષમતાએ થશે.

(2) વેચાણ વિતરણ ખર્ચા 50% વેચાણના એકમો સાથે બદલાય તેવા ચલિત ખર્ચ છે.

(3) વર્ષ 2013 માટે નફાનો દર ગયા વર્ષના ધોરણે જાળવી રાખવાનો છે.

તમારે વર્ષ 2012 અને વર્ષ 2013ના કુલ પડતર અને એકમદીઠ પડતર દર્શાવતાં પત્રકો તૈયાર કરવાના છે. *[V.N.S.G.U. Nov 2014]*

8. હેમિન લિ. 2019ના વર્ષ દરમિયાન પોતાની 50% ઉત્પાદન શક્તિએ 1000 મોબાઇલ બનાવીને વેચ્યાં. તા 31-12-2019ના રોજ પૂરા થતાં વર્ષની ઉત્પાદન પડતર નીચે મુજબ હતી:

| વિગત | રૂ |
|---|---|
| માલસામાન | 10,00,000 |
| પ્રત્યક્ષ મજૂરી | 6,00,000 |
| સીધા ખર્ચા | 2,00,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા (50% ચલિત ) | 4,00,000 |
| ઓફિસના પરોક્ષ ખર્ચા (સ્થિર ) | 3,00,000 |
| વેચાણ – વિતરણના પરોક્ષ ખર્ચા (40% ચલિત ) | 2,00,000 |
| કુલ વેચાણ | 32,40,000 |

વર્ષ 2020 માટેનો અંદાજ:

(1) પૂરેપૂરી ઉત્પાદન શક્તિએ ઉત્પાદન કરવામાં આવશે .

(2) ઉત્પાદિત એકમોના 80% એકમોનું વેચાણ થશે .

(3) એકમદીઠ માલસામાન અને મજૂરીના ખર્ચા અનુક્રમે 20% અને 10%થી વધશે.

(4) કારખાના, ઓફિસના અને વેચાણ – વિતરણના સ્થિર પરોક્ષ ખર્ચાઓ અનુક્રમે રૂ 1,00,000, રૂ 80,000 અને રૂ 40,000થી વધશે .

(5) ચલિત વેચાણ- વિતરણના પરોક્ષ ખર્ચાઓ એકમદીઠ 25%થી વધશે

(6) પડતર ઉપર નફાનો દર ગયા વર્ષ જેટલો જ રહેશે.

ઉપરોક્ત માહિતી પરથી નીચેના પત્રકો તૈયાર કરો:

(1) 2019ના વર્ષ માટે કુલ તેમજ એકમદીઠ પડતરનું પત્રક

(2) 2020ના વર્ષ માટે અંદાજીત નફો અને પડતર દર્શાવતું પત્રક તૈયાર કરો.

9. અનિલ લિ.નું તા ૩૧-૩-૨૦૧૬નાં રોજ પૂરા થતા વર્ષનું નફા નુકસાન ખાતું:

| વિગત | રૂ | વિગત | રૂ |
|---|---|---|---|
| કુલ પ્રત્યક્ષ ખર્ચા | 4,20,000 | વેચાણ (ઉત્પાદન અને વેચાણ 4000 એકમો) | 7,80,000 |
| કારખાનાં પરોક્ષ ખર્ચા | 90,000 | | |
| ઓફિસ પરોક્ષ ખર્ચા | 60,000 | | |
| વેચાણ પરોક્ષ ખર્ચા | 80,000 | | |
| ચોખ્ખો નફો | 1,30,000 | | |
| | | | |
| | **7,80,000** | | **7,80,000** |

કુલ પ્રત્યક્ષ ખર્ચામાં માલસામાન, મજૂરી અને અન્ય પ્રત્યક્ષ ખર્ચાનું પ્રમાણ 3:2:1 છે. કારખાનાં પરોક્ષ ખર્ચાનાં 40% ઉત્પાદન સાથે સીધી રીતે બદલાય છે, જ્યારે વેચાણ પરોક્ષ ખર્ચાનાં 60% વેચાણ સાથે બદલાય છે.

વર્ષ 2016-17નો અંદાજ:

[1] ઉત્પાદન અને વેચાણ 10,000 એકમોનું થશે.

[2] એકમદીઠ પ્રત્યક્ષ મજૂરી ખર્ચમાં 10% વધારો થશે.

[3] સ્થિર કારખાનાં પરોક્ષ ખર્ચમાં રૂ 16,000 વધારો થશે જ્યારે ઓફિસ પરોક્ષ ખર્ચા અને સ્થિર વેચાણ ખર્ચમાં 20% વધારો થશે. બીજા કોઈ ફેરફારો નથી.

[4] વર્ષ 2015-16 માં પડતર પર મળેલ નફાનો દર જાળવી રાખવો.

વર્ષ 2015-16નું પડતરનું પત્રક અને વર્ષ 2016-17નું અંદાજીત પડતરનું પત્રક તૈયાર કરો: [*V.N.S.G.U. Mar. 2017]*

10. ક્રિષ્ના મેન્યુફેક્ચર કંપનીના ચોપડાઓ એપ્રિલ 2010ના માસના આંકડાઓ નીચે મુજબ રજૂ કરે છે:

પ્રત્યક્ષ મજૂરી ખર્ચ રૂ 1,75,000 છે કે જે કારખાના પરોક્ષ ખર્ચા 175% છે. વહીવટી પરોક્ષ ખર્ચા સિવાય વેચેલ માલની પડતર રૂ 5,60,000 છે.

માલસામાન ખાતાવહી નીચે મુજબની શરૂની અને છેવટની બાકીઓ દર્શાવે છે:

| વિગત | 1લી એપ્રિલ (રૂ) | 30મી એપ્રિલ (રૂ) |
|---|---|---|
| કાચો માલ | 80,000 | 1,06,000 |
| ચાલુ કામ | 1,05,000 | 1,45,000 |
| તૈયાર માલ | 1,76,000 | 1,90,000 |

અન્ય માહિતી:

વેચાણ ખર્ચા રૂ 35,000 વહીવટી પરોક્ષ ખર્ચા રૂ 25,000

એપ્રિલ માસનું વેચાણ રૂ 7,50,000

તમારે :

(1) માલસામગ્રીની ખરીદીની કિંમત ગણવાની છે:

(2) જુદી જુદી પડતર અને કમાયેલ નફો દર્શાવતું પડતરનું પત્રક તૈયાર કરવાનું છે.

*[V.N.S.G.U. March 2011]*

11. ધ્રુવ કંપની લિ. ના ચોપડામાંથી વર્ષ ૨૦૦૯ની નીચે મુજબની માહિતી મળી:

સીધી મજૂરી: રૂ ૧,૬૦,૦૦૦ (કારખાના પરોક્ષ ખર્ચાના ૧૬૦%)

વેચેલ માલની પડતર: રૂ ૫,૬૭,૦૦૦

માલસામાન ખાતાની શરૂ અને આખરની બાકીઓ નીચે  મુજબ છે:

| વિગત | ૧/૧/૨૦૦૯ (રૂ ) | ૩૧/૧૨/૨૦૦૯ (રૂ ) |
|---|---|---|
| કાચો માલ | ૭૦,૦૦૦ | ૭૬,૦૦૦ |
| ચાલુ કામ (કારખાના પડતર પર ) | ૮૦,૦૦૦ | ૧,૨૦,૦૦૦ |
| તૈયાર માલ | ૧,૨૫,૦૦૦ (૧૦૦૦ એકમો ) | ૧,૮૦,૦૦૦  (૨૦૦૦ એકમો ) |

અન્ય માહિતી :

વેચાણ અને વિતરણ ખર્ચા રૂ ૭૨,૦૦૦  (રૂ ૮ એકમદીઠ)

સામાન્ય અને વહીવટી ખર્ચા રૂ ૫૦,૦૦૦

વેચાણ રૂ ૯,૦૦,૦૦૦

૩૧/૧૨/૨૦૧૦ના રોજ પૂરા થતાં વર્ષ માટે અંદાજવામાં આવ્યું કે :

(૧) પાછલા વર્ષ કરતાં ઉત્પાદન અને વેચાણની સપાટીમાં ૫૦% નો વધારો થશે.

(૨) માલસામાનની કિંમતમાં ૨ ૦ %નો વધારો થશે.

(૩) મજૂરીના દરમાં ૧ ૦  %નો વધારો થશે.

(૪) કારખાના પરોક્ષ ખર્ચા માલસામાન અને મજૂરીની સંયુક્ત પડતરના પ્રમાણમાં વધશે

(૫) એકમદીઠ વેચાણ ખર્ચમાં કોઈ ફેરાફાર થશે નહીં

(૬) અન્ય ખર્ચા પર ઉત્પાદનનાં વધારાની કોઈ અસર થશે નહીં.

વર્ષ ૨૦૧૦નું અંદાજિત પડતરનું પત્રક બનાવી, જો ૨૦૦૯ વર્ષના વેચાણ પર નફાનો દર જાળવી રાખવો હોય તો કઈ કિંમતે પેદાશનું વેચાણ કરવું તે દર્શાવો:

*[V.N.S.G.U. Mar2010]*

12. મૌસમ લિ. બે પ્રકારની X અને Y વસ્તુનું ઉત્પાદન કરે છે

પ્રત્યક્ષ માલસામાન – રૂ ૨૫,00,000

પ્રત્યક્ષ મજૂરી – રૂ ૧૧,૨૫,000

પ્રત્યક્ષ ખર્ચા – રૂ 3,૭૫,000

કુલ વેચાણ – રૂ ૫0,00,000

[૧] X નો પ્રત્યક્ષ માલસામાન ખર્ચ Yનાં પ્રત્યક્ષ માલસામાન ખર્ચ કરતાં બે ગણો છે. (એકમદીઠ)

[૨] Yનો પ્રત્યક્ષ મજૂર ખર્ચ Xનાં પ્રત્યક્ષ ખર્ચનાં ૪0% છે. (એકમદીઠ)

[3] પ્રત્યક્ષ ખર્ચાઓ X અને Y નાં ઉત્પાદનનાં પ્રમાણમાં હતા.

[૪] ઉત્પાદનનાં ખર્ચા પ્રાથમિક પડતરના ૨0% હતા.

[5] વહીવટી પરોક્ષ ખર્ચા પ્રત્યક્ષ મજૂરીના ૫0% હતા.

[૬] X નો તૈયાર માલનો સ્ટોક (એકમ) વેચાણ એકમોના ૨૫% હતો જ્યારે Y નાં વેચાણ એકમો તૈયાર માલના સ્ટોક (એકમ)નાં 4 ગણા હતા.

[૭] વેચાણ ખર્ચા X માટે એકમદીઠ રૂ ૮ અને Y માટે રૂ ૯.

[૮] X નો તૈયારમાલનો સ્ટોક રૂ ૫,૪૨,૫00 અને Y નો તૈયાર માલનો સ્ટોક રૂ ૫,30,000 હતો.

[૯] X ની એકમદીઠ વેચાણ કિંમત Y ની એકમદીઠ વેચાણ કિંમત કરતાં બમણી છે.

[૧0] X ની એકમદીઠ ઉત્પાદન પડતર રૂ ૨૧૭ અને Y ની એકમદીઠ ઉત્પાદન પડતર રૂ ૧0૬ હતી.

તમારે X અને Y માટે કુલ પડતર અને નફો તથા એકમદીઠ પડતર અને નફો દર્શાવતા પત્રકો તૈયાર કરી , નફો વેચાણ કિંમત પર કેટલા ટકા લેખે પ્રાપ્ત થશે તે જણાવવાનું છે.

*[V.N.S.G.U. Mar2019]*